# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિતઃ માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા –ધાર્મિક શિક્ષણ બોર્ડ આયોજિત
વાર્ષિક પરીક્ષા જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ નું પેપર

**સવાલ સાથે જવાબ પેપર**

તા. ૧૦–૦૧–૨૦૧૬ • સમયઃ સવારે ૯ થી ૧૨ • શ્રેણી : ૩ • ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 3**

**પ્ર. : ૧. (ક) પાઠ પૂર્તિ કરો :**

(૧) પાયચ્છિત કરણેણં ........................... ઠામિ

જ. (૧) પાયચ્છિત કરણેણં વિસોહિકરણેવ વિસલ્લી કરણેણં પાવાણં કમ્માણં નિગ્ઘાયટ્ઠણાએ ઠામિ

(૨) દંતણવિહિં .................................... વિલેવણ વિહિં

જ. (૨) દંતણવિહિં ફલવિહિં, અબ્ભંગણવિહિં, ઉવ્વટ્ટણ. વિહિ મજ્જણવિહિં વત્થવિહિં વિલેવણ વિહિં

(૩) પયહીંણં .................................. . અકાલે કઓ સજ્ઝાઓ

જ. (૩) પયહીંણં વિણયહીણં, જોગહીંણ, ઘોસહીણ, સુટ્ઠુદિન્નં, દુટ્ઠુપડિચ્છિયં અકાલે કઓ સજ્ઝાઓ

(૪) જં પિય ................................... મણુન્નં

જ. (૪) જજં પિય ઇમં શરીરં, ઈટ્ઠં, કંતં પિયં, મણુન્નં

(૫) નેઆઉયં .................................. નિજ્જાણ મગ્ગં

જ. (૫) નેઆઉયં સંસુદ્ધં સલ્લકત્તણં સિધ્ધમગ્ગં, મુત્તિમગ્ગં નિજ્જાણ મગ્ગં

(૬) ક્રોધ ....................................... દ્વેષ

જ. (૬) ક્રોધ માન, માયા, લોભ, રાગ, દ્વેષ

(૭) અભિગ્રહિક મિથ્યાત્વ ....................... લૌકિક મિથ્યાત્વ

જ. (૭) અભિગ્રહિક મિથ્યાત્વ અનાભિગ્રહકિ મિથ્યાત્વ, અભિનિવેશિક મિથ્યાત્વ, સાંશયિક, મિથ્યાત્વ, અણાભોગ મિથ્યાત્વ લૌકિક મિથ્યાત્વ

(૮) પાણભોયણાએ ............................ અદિટ્ઠહડાએ

જ. (૮) પાણભોયણાએ, બીયભોયણાએ, હરિયભોયણાએ, પચ્છા કમ્મિયાએ, પુરે કમ્મિયાએ અદિટ્ઠહડાએ

(૯) પગામ સિજ્જાએ ............................ છપ્પઈ સંઘટ્ટણાએ

જ. (૯) પગામ સિજ્જાએ નિગામ સિજ્જાએ, સંથારા ઉવટ્ટણાએ, પરિયટ્ટણાએ, આઉટ્ટણ, પસારણાએ, છપ્પઈ સંઘટ્ટણાએ

(૧૦) ચાઉક્કાલં ................................. અપ્પડિલેહણાએ

જ. (૧૦) ચાઉક્કાલં સજ્ઝાયસ્સ, અકરયાએ, ઉભઓકાલં ભંડોવગરણસ્સ, અપ્પડિલેહણાએ

(૧૧) બંધે ....................................... વોચ્છેએ

જ. (૧૧) બંધે વહે, છવિચ્છેએ, અઈભારે, ભત્તપાણવોચ્છેએ

(૧૨) સિવ ...................................... મવ્વાબાહ

જ. (૧૨) સિવ મચલ, મરુય, મણંત, મક્ખય,મવ્વાબાહ

**ખ. નીચેના શબ્દોના ગુજરાતી અર્થ લખો – કોઈ પણ ૧૧ના અર્થ લખો :**

(૧) અભિહયા

જ. (૧) અભિહયા- સામા આવતા હણ્યા હોય

(૨) ચક્ખુદયાણં

જ. (૨) ચક્ખુદયાણં - જ્ઞાનરૂપી ચક્ષુના દેનારા

(૩) કંખા

જ. (૩) કંખા-મિથ્યાત્વીના મતની ઇચ્છા કરવી.

(૪) સહસાભક્ખણે

જ. (૪) સહસાભક્ખણે - ઉતાવળાં ધ્રાસકો પડે તેવું બોલવું

(૫) પરોવએસે

જ. (૫) પરોવએસે પોતે સૂઝતો હોવા છતા બીજાને વહારાવવાનું ક્હ્યું હોય

(૬) તક્કરપ્પઓગે

જ. (૬) તક્કરપ્પઓગે - ચોરને મદદ કરી હોય.

(૭) જોગહીણં

જ. (૭) જોગહીણં - મન - વચન - કાયાના

(૮) તેનાહડે

(૮) તેનાહડે - ચોરાઉ વસ્તુ લીધી હોય

(૯) સદાણુવાએ

(૯) સદાણુવાએ - સાદ (અવાજ) કરીને મર્યાદાની બહારથી કોઈને બોલાવેલ હોય.

(૧૦) પાણિય વિહિં

(૧૦) પાણિયવિહિં-પીવાના પાણીની મર્યાદા

(૧૧) સઇ અંતરધ્ધાએ

(૧૧) સઇ અંતરધ્ધાએ - સંદેહ પડચા છતાં આગળ વધાયું હોય

(૧૨) અભિથુઆ

(૧૨) અભિથુઆ-સ્તુતિ કરાયેલા (તીર્થંકરો કેવા છે?)

(૧૩) વઈક્કમં

(૧૩) વઈક્કમં - અપરાધ થયો હોય

(૧૪) દુજ્ઝાઓ

(૧૪) દુજ્ઝાઓ- આર્ત- રૌદ્ર ધ્યાન ધર્યું હોય અસ્થિર ચોગે ભણાયું હોય.

**(ગ) માગધી શબ્દ લખો – કોઈ પણ ૧૨.**

(૧) પુરુષોમાં સિંહ સમાન

જવાબ : **(૧) પુરુષોમાં સિંહ સમાન = પુરિસસીહાણં**

(૨) ત્રણ વાર

જ. **(૨) ત્રણ વાર = તિક્ખુતો**

(૩) ચોરને મદદ કરી હોય

જ. **(૩) ચોરને મદદ કરી હોય= તક્કરપ્પઓગે**

(૪) સર્વ કાળ સંબંધી

જ. **(૪) સર્વ કાળ સંબંધી = સવ્વ કાલિયાએ**

(૫) દિવસ સંબંધી

જ. **(૫) દિવસ સંબંધી = દેવસિયં**

(૬) દાન આપી અહંકાર કર્યો હોય

જ. **(૬) દાન આપી અહંકાર કર્યો હોય=મચ્છરિયાએ**

(૭) ત્રસ જીવને ગાઢે બંધને બાંધ્યા હોય

જ. **(૭) ત્રસ જીવને ગાઢે બંધને બાંધ્યા હોય = બંધે**

(૮) ઉતાવળમાં ધ્રાસ્કો પડે તેવું બોલવું

**(૮) ઉતાવળમાં ધ્રાસ્કો પડે તેવું બોલવું = સહસાભહખણે**

(૯) અક્ષરો અધિક ભણાયા હોય

**(૯) અક્ષરો અધિક ભણાયા હોય = અચ્ચકખરં**

(૧૦) એક સ્થાને સ્થિર રહીને

**(૧૦) એક સ્થાને સ્થિર રહીને = ઠાણેણં**

(૧૧) પ્રસન્ન થાઓ

**(૧૧) પ્રસન્ન થાઓ = પસીચંતુ**

(૧૨) આપો

**(૧૨) આપો = દિસંતુ**

(૧૩) શ્રાવક ધર્મની

**(૧૩) શ્રાવક ધર્મની= સાવગ ધમ્મસ્સ**

(૧૪) ચિંતન કરવાને માટે

**(૧૪) ચિંતન કરવાને માટે= ચન્તવનાંર્થ**

**(ઘ) નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(૧) અતિચાર કોને કહે છે ?

જ. **(૧) વ્રતોમાં લાગવાવાળા દોષોને અતિચાર કહેવાય છે.**

(૨) પ્રતિક્રમણની આજ્ઞા લેવાનો પાઠ કયો છે ?

જ. **(૨) 'ઇચ્છામિણં ભંતે ! નો પાઠ એ પ્રતિક્રમણની આજ્ઞા લેવાનો પાઠ છે.**

(૩) પ્રતિક્રમણ શેનું કરવામાં આવે છે ?

જ. **(૩) મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભ યોગનું પ્રતિક્રમણ કરવામાં આવે છે.**

(૪) ઉત્કૃષ્ટ વંદનાનો પાઠ કયા આસને બેસીને બોલાય ?

જ. **(૪) ઉકડું કે ગોદુહુ આસને બેસીને બોલાય છે.**

(૫) ગુણવ્રત કોને કહે છે ? તે કેટલા છે ?

જ. **(૫) જે અણુવ્રતોના ગુણોમાં વધારો કરનારા છે, તેવા વ્રતને ગુણવ્રત કહે છે. ગુણવ્રત ત્રણ છે.**

(૬) પ્રતિક્રમણનો ટૂકમાં સાર બતાવતો પાઠ કયો છે ?

જ. **(૬) પ્રતિક્રમણનો સાર બતાવતાં પાઠ 'ઇચ્છામિ ઠામિ'.**

(૭) મહાવ્રત એટલે શું ?

જ. **(૭) મહાવ્રત એટલે જેમાં હિંસા, જૂઠ, ચોરી, મૈથુન પરિગ્રહ વિ. પાપોનો સંપૂર્ણ ત્યાગ કરવામાં આવે છે.**

(૮) જ્ઞાન એટલે શું ?

જ. **(૮) જ્ઞાન એટલે વસ્તુને વિશેષ સ્વરૂપે જાણવું.**

(૯) વ્રતનો સર્વાંશે ભંગ એટલે શું ? તેનો માગધી શબ્દ લખો.

જ. **(૯) વ્રતને ભંગ કરવાની તૈયારીને અતિચાર અને સર્વાંશે ભંગ એટલે વિરાહિયં કહેવાય છે.**

---

**પ્ર. : ૨. (ક) પ્રશ્નના ઉત્તર આપો :**

(૧) વ્યાખ્યા લખો – ગર્ભજ, બાદર, અસંજ્ઞી, ખેચર

જવાબ : **(૧) વ્યાખ્યાઃ** ગર્ભજ એટલે જે જીવો સ્ત્રી પુરુષના સંયોગ વડે ગર્ભમાં ઉત્પન્ન થાય છે. **બાદર :** બાદર તે લોકના દેશ અમુક ભાગમાં ભર્યા છે. હણ્યા, હણાય, માર્યા મરે, અગ્નિમાં બળે, પાણીમાં ડૂબે, નજરે દેખાય અથવા ન પણ દેખાય, બે ભાગ થાય તેને બાદર કહે છે. **અસંજ્ઞી :** જે જીવો સ્ત્રી-પુરુષોના સંયોગ વગર, સ્વયં પોતાની મેળે જ ઉત્પન્ન થાય છે તે જીવોને મન હોતું નથી. તેને અસંજ્ઞી કહે છે.

(૨) પૃથ્વીકાયની અને અપકાયની દયા પાળવાના બે મુદ્દા લખો :

જ. **(૨) પૃથ્વીકાય : ૧) રસ્તામાં ખોદકામ થયું હોય, ત્યાં ખોદેલી માટી ઉપર ચાલવું નહીં.**
**૨) ભોજનમાં ઉપરથી કાચું મીઠું લેવું નહીં.**
**અપકાય : ૧) વરસાદમાં નાહવું નહીં.**
**૨) હોળી, ધૂળેટી રમવી નહિ ત્થા કાચાં પાણી ભરેલા ફુગા ફોડવા નહીં.**

(૩) કર્મ બંધના બે મુખ્ય કારણ કયા છે ?

**જ. (૩) રાગ - દ્વેષ**

(૪) ચોમાસી પાખી કેટલી છે ? કઈ કઈ ?

**જ. (૪) ૩ - અષાઢ સુદ પૂનમ - કાતરક સુદ પૂનમ - ફાગણ સુદ પૂનમ**

(૫) આ જીવોમાં કેટલી ઇન્દ્રીય છે ? માખી, મોર, મચ્છર, મગ

**જ. (૫) માખી - ચૌરેન્દ્રિય * મોર - પંચેન્દ્રિય * મચ્છર - ચૌરેન્દ્રિય * મગ - એકેન્દ્રિય**

(૬) પાંચમી નરકનું નામ અને નારકીના કુળ લખો

**જ. (૬) રિષ્ટા - કુળ પચ્ચીસ લાખ ક્રોડ.**

(૭) મચ્છર, પ્રત્યેક વનસ્પતિનું આયુષ્ય લખો

**જ. (૭) મચ્છર - જઘન્ય અંતર્મુહૂર્તનું - ઉત્કૃષ્ટ છ માસનું**
**પ્રત્યેક વનસ્પતિ - જઘન્ય અંતર્મુહૂર્તનું , ઉત્કૃષ્ટ ૧૦,૦૦૦ વર્ષનું**

(૮) દેવતાના ભેદની માત્ર સંખ્યા લખો

**જ. (૮) દેવતા ભેદ - ૧૯૮ છે : ભવનપતિ - ૫૦**
**વાણવ્યંતર - ૫૨**
**વૈમાનિક = ૭૬ જ્યોતિષી - ૨૦**

(૯) વાયુકાયની દયા પાળવાના બે મુદ્દા લખો

**જ. (૯) ઉઘાડે મુખે બોલવું નહિ, સાધુ-સંતો સાથે જતના રાખીને વાતચીત કરવી.**
**તાળી પાડવી નહીં.**

**(ખ) ખાલી જગ્યા પૂરો :**

(૧) કંદમૂળ ન ખાવાથી ............ માં જવાય છે.

**જ. (૧) કંદમૂળ ન ખાવાથી સદ્‌ગતિમાં જવાય છે.**

(૨) સંવત્સરી મહાપર્વની તિથિ ............ છે.

**જ. (૨) સંવત્સરી મહાપર્વની તિથિ ભાદરવા સુદ પાંચમનું**

(૩) જેનાથી સંસાર વધે તે ...........

**જ. (૩) જેનાથી સંસાર વધે તે કષાય**

(૪) ચૈત્ર સુદ તેરસે ............ પર્વ છે.

**જ. (૪) ચૈત્ર સુદ તેરસે મહાવીર જન્મકલ્યાણક પર્વ છે.**

(૫) ............ પ્રાપ્ત કરીશ એ મારું જીવનલક્ષ્ય છે.

**જ. (૫) મોક્ષ પ્રાપ્ત કરીશ એ મારું જીવનલક્ષ્ય છે.**

(૬) તડકો, છાંયો વગેરે .......... તત્વ છે.

**જ. (૬) તડકો, છાંયો વગેરે અજીવ તત્તવ છે.**

**(ગ) જોડકા જોડો :**

| | | | |
|---|---|---|---|
| **જવાબ :** | પૃથ્વીકાય | ............. | **જવાબ : અબરખ** |
| | વાયુકાય | .............. | **જવાબ : ધ્વજા પતાકા જેવું સંસ્થાન** |
| | જંગમ કાય | .............. | **જવાબ : ત્રસકાય** |
| | અપકાય | .............. | **જવાબ : ઝાકળના પાણી** |
| | તેઉકાય | .............. | **જવાબ : કુળ ૩ લાખ ક્રોડ** |
| | પયાવચ્ચ સ્થાવર કાય | .............. | **જવાબ : વનસ્પતિ કાય** |

---

પ્ર. : **૩. નીચેના પ્રશ્નોના જવાબ આપો : કથા આધારે**

(૧) આનંદ શ્રાવકનું નગર, નગરીના રાજા, ઉદ્યાન અને પત્નીનું નામ લખો

**જ. (૧) નગર - વાણિજ્ય ગ્રામ, નગરીના રાજા - જિતશત્રુ, ઉદ્યાન - દ્યુતિપલાશ,**
**પત્નીનું નામ - શિવાનન્દા**

(૨) આપ મારી પાસે આવો, હું આપના ચરણમાં વંદન કરું. કોણ કોને કહે છે ?

**જ. (૨) આનંદ શ્રાવકએ ગણધર ગૌતમને કહ્યું.**

(૩) ........... મા તીર્થંકર શ્રી નેમનાથ ભગવાન છે.

**જ. (૩) ૨૨ મા તીર્થંકર શ્રી નેમનાથ ભગવાન છે.**

(૪) સોમિલે ગજસુકુમારને શું ઉપસર્ગ આપ્યો ?

જ. (૪) નજીકના રહેલા તળાવમાંથી તેણે ભીની માટી લીધી અને ગજસુકુમાલના માથા પર પાળી બાંધી દીધી. સ્મશાનમાં બળી રહેલી એક ચિતામાંથી બળી ગયેલાં લાકડાના અંગારા લઈને તેણે એક તૂટેલા વાસણમાં ભર્યા. તે બળબળતા અંગારા તેણે ગજસુકુમાલના મુનિના માથા પર મૂકી દીધાં. પછી તેને કોઈ જોઈ ન જાય તેવા ભયથી તે ત્યાંથી ભાગી ગયો.

(૫) આનંદ શ્રાવકને કેટલું અવધિજ્ઞાન થયું હતું ?

જ. (૫) લવણસમુદ્રમાં ૫૦૦ યોજન સુધી અને નીચે પહેલી નરકના લોલુપ્યાચુત નરકાવાસ સુધી.

(૬) રાજેમતિએ રહનેમિને કઈ રીતે સંયમમાં સ્થિર કર્યા ?

જ. (૬) રાજેમતિએ કહ્યું, 'તમે જો દેવ જેવા અથવા ઈન્દ્ર જેવા સ્વરૂપવાન હો તો પણ હું તમને ઇચ્છતી નથી. તમે તો નેમનાથ ભગવાનના નાના ભાઈ છો અને હું તેમના દ્વારા ત્યાગી દેવાયેલી રાજેમતિ છું. તમે તમારા ભાઈનું વમેલું શા માટે ભોગવવા ઇચ્છો છો ? તમને ધિક્કાર છે જે અસંયમરૂપ જીવન જીવવાની ઇચ્છા કરો છો ! આના કરતાં તો તમારા માટે મૃત્યુ શ્રેષ્ઠ છે. હે રહનેમિ, આપણું બંનેનું કુળ, ખાનદાન ખૂબ ઊંચું છે. આપણને આવું વિચારવું પણ ન શોભે ! આ કાયામાં મળ-મૂત્ર અને દુર્ગંધ ભરેલાં છે. આપણે તો આત્મવૈભવને મેળવવા સંત બન્યા છીએ, મુનિરાજ ! આવો ઝેરી વિચાર અને વચનો તમારા પવિત્ર મગજમાં ક્યાંથી આવ્યા ? તમે સંયમમાં સ્થિર થાઓ. આમ રાજેમતિએ રહેનેમિને સંયમમાં સ્થિર કર્યા.

---

**પ્ર. : ૪. કાવ્ય પૂર્તિ કરો :**

(૧) રાત્રિ ગુમાવી .......... ભવપાર

જ. (૧) રાત્રિ ગુમાવી સૂઈને, દિવસ ગુમાવ્યો ખાય,
હીરા જેવો મનુષ્ય ભવ, કોડી બદલે જાય.
દાન, શિયળ, તપ, ભાવના, ધર્મના ચાર પ્રકાર,
કરો આરાધો ભાવથી, તો પામો ભવપાર.

(૨) માર્ગ ભૂલેલા ........... એ ગાવે

જ. (૨) માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની, તો યે સમતા ચિત્ત ધરું.
ચંદ્રપ્રભની ધર્મભાવના, હૈયે સહુ માનવ ભાવે,
વેરઝેરના પાપ તજીને, મંગલ ગીતો એ ગાવે.

(૩) ત્રણ જગતના ........... હું ખાલી કરું.

જ. (૩) ત્રણ જગનના આધારને અવતાર હે ! કરુણા તણા,
વળી વૈદ્ય હે ! દુર્વાર આ સંસારના દુઃખો તણા.
વીતરાગ વલ્લભ વિશ્વના, તુજ પાસ અરજી ઉચ્ચરું
જણો છતાં પણ કહી અને, આ હૃદય હું ખાલી કરું !

(૪) હું ક્રોધ ............ ચગદાય છે.

જ. (૪) હું ક્રોધ અગ્નિથી બળ્યો, વળી લોભ સર્પ ડસ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે, હું કેમ કરી ધ્યાવુ તને ?
મન મારું માયજાળમાં, મોહન ! મહા મુંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં, ચેતન ઘણો ચગદાય છે.

(૫) ઠગવા વિભુ ........... અંદરથી રહું.

જ. (૫) ઠગવા વિભુ ! આ વિશ્વને વૈરાગ્યના રંગો ધર્યા,
ને ધર્મનો ઉપદેશ રંજન લોકને કરવા કર્યા,
વિદ્યા ભણ્યો હું વાદ માટે કેટલી કથની કહું,
સાધુ થઈને બહારથી દાંભિક અંદરથી રહું !

**॥ જય જિનેન્દ્ર ॥**